અગત્યનું

સમય મર્યાદા

ક્રમાક:-કૃષમ/૨૦૧૭/૬૧૨/ક-૮
કૃષિ અને સહકાર વિભાગ,
બ્લોક નં. ૫/૧ લો માળ, સચિવાલય,
ગાંધીનગર
તા.૧૮/૦૪/૨૦૧૭

પ્રતિ,

- સર્વે કલેક્ટરશ્રી/સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
- સર્વે મામલતદારશ્રી/સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી

વિષય: કૃષિ મહોત્સવ-૨૦૧૭-માર્ગદર્શક સૂચનાઓ

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે અગાઉના કૃષિ મહોત્સવોની સફળતાને ધ્યાને લઈ આ વર્ષે પણ રાજય સરકારે જનહિતમાં કૃષિ મહોત્સવ-૨૦૧૭ ની ઉજવણીનો કાર્યક્રમ તા.૦૬/૦૫/૨૦૧૭ થી શરૂ કરવાનું નક્કી કરેલ છે. આ અંગેની વિગતવાર માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરવામાં આવેલ છે. જેની એક નકલ આ સાથે સામેલ છે. તેમાં દર્શાવેલ સૂચનાઓ અન્વયે જરૂરી આનુષાંગિક કાર્યવાહી અગ્રતાના ધોરણે હાથ ધરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

યોગેશ પંડ્યા

(વાય.સી.પંડયા)
ઉપ સચિવ
કૃષિ અને સહકાર વિભાગ

બિડાણ: ઉપર મુજબ

નકલ રવાના:-

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(કૃષિ, સહકાર, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌસંવર્ધન) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ/સર્વે માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.પ્રભારી મંત્રીશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- માન.મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ.પા., મ.ઉ., ગૌ.સં.), કૃષિ અને સહકાર વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી (સચિવાલયના સર્વે વિભાગો)
- સર્વે પ્રભારી સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- કૃષિ અને સહકાર વિભાગના સર્વે અધિકારીઓ
- સર્વે ખાતાના વડા/બોર્ડ/નિગમ/કૃષિ/યુનિવર્સિટીઓ/સંસ્થા/એજન્સી/એજન્સી (કૃષિ અને સહકાર વિભાગના નિયંત્રણ હેઠળના)
- કન્વીનરશ્રી, (કૃષિ મહોત્સવ-૨૦૧૭ અને પશુપાલન નિયામક, કેન્દ્રીય મોનીટરીંગ સેલ, કૃષિભવન, ગાંધીનગર
- સર્વે જિલ્લા ખેતી/બાગાયત/પશુપાલન/મત્સ્યોદ્યોગ/રજીસ્ટ્રાર (સહકારી મંડળીઓ) મદદનીશ નિયામક (જમીન સંરક્ષણ-જમીન વિકાસ નિગમ)
- વિભાગની સર્વે શાખાઓ, રોકડ, રજીસ્ટ્રી, ટાઈપ સિવાય)
- સિલેક્ટ ફાઈલ

# કૃષિ મહોત્સવ -૨૦૧૭

## તા.૦૬/૦૫/૨૦૧૭ થી તા.૨૩/૦૫/૨૦૧૭

## માર્ગદર્શક સૂચનાઓ

કૃષિ ક્ષેત્રે ગુજરાત બે આંકડાના કૃષિ વિકાસ દર સાથે સમગ્ર દેશમાં અગ્રેસર રહ્યુ છે. જેનો શ્રેય સરકારશ્રીની કિસાન લક્ષી નિતિઓ, અધિકારીશ્રીઓની જહેમત અને ગુજરાતના કિસાન બંધુઓની અથાગ મહેનતને આભારી છે. આધુનિક કૃષિ તાંત્રિકતાઓ,જળ સંચય અને જળ સિંચન થકી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ, કૃષિ યાંત્રિકીકરણ થકી ઓછા ખર્ચે સમયસરના ખેતી કાર્યો ,સંકલિતપોષણ વ્યવસ્થા થકી જમીનની તંદુરસ્તીની જાળવણી, કૃષિ અને બાગાયતી પાકોની ઉત્પાદકતા વધારી તેનું મુલ્ય વર્ધન,સંકલિત રોગ અને જીવાત વ્યવસ્થાપન,આદર્શ પશુપાલન તથા સરકારશ્રીની વિવિધ સહાયકારી યોજનાઓ અંગેનું માર્ગદર્શન ખેડુતોને ઘર આંગણે જ ઉપલબ્ધ કરાવી તેમના ખેતી ખર્ચમાં ઘટાડાની સાથે ઉત્પાદનમાં વધારો કરી ખેડુતોની આવક બમણી થાય તેવો રાજ્ય સરકારશ્રીનો આગવો અભિગમ રહ્યો છે.કૃષિ મહોત્સવ દરમ્યાન કૃષિલક્ષી અને ગ્રામ વિકાસને લગતા કાર્યક્રમોનું આયોજન કરી વૈજ્ઞાનિક માર્ગદર્શન સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

વર્ષ-૨૦૦૫ થી રાજ્ય સરકારે પ્રથમ કૃષિ મહોત્સવનો પ્રારંભ કરેલ હતો. અત્યાર સુધીમાં સરકારશ્રી દ્વારા ૧૨ કૃષિ મહોત્સવ સફળતા પૂર્વક યોજવામાં આવેલ છે. રાજય સરકાર ચાલુ વર્ષે ૧૩મો કૃષિ મહોત્સવ યોજવા જઇ રહી છે.ખેડૂતોને આગામી ખરીફ સીઝનની પૂર્વ તૈયારી માટે વધુ અનુકુળતા રહે તે હેતુસર **ખરીફ કૃષિ મહોત્સવ-૨૦૧૭ તા.૦૬/૦૫/૨૦૧૭ થી તા. ૨૩/૦૫/૨૦૧૭ દરમ્યાન** યોજવામાં આવનાર છે. આગામી કૃષિ મહોત્સવના સુચારુ આયોજન માટે રાજ્યના વહીવટી તંત્ર માટે નીચે મુજબની માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવે છે.

**<u>કૃષિ મહોત્સવના કાર્યક્રમો:</u>**

- દરેક કૃષિ યુનિવર્સિટીના ઝોન દીઠ ચાર/પાંચ સ્થળે એક દિવસીય “સેમીનાર અને એક્ઝીબીશન”નું આયોજન કરવાનું રહેશે.(કુલ ૧૮ કાર્યક્રમ)
- કાર્યક્રમનું આયોજન સબંધિત કૃષિ યુનિવર્સિટીના ઝોનના નીચેના ટેબલમાં સમાવિષ્ટ જિલ્લાઓ માટે તેમની સામે દર્શાવેલ કોલમ-૪ મુજબની નિયત તારીખે અને કોલમ-૫ મુજબના જિલ્લા/તાલુકામાંએ.પી.એમ.સી. અથવાપ્રભારી મંત્રીશ્રીના સંકલનમાં રહી જિલ્લા

વહીવટી તંત્ર /કૃષિ યુનિવર્સીટી દ્વારા આયોજિત કાર્યક્રમ માટેની અમલીકરણ સમિતિ નક્કી કરે તે સ્થળે કરવાનું રહેશે.

- કૃષિ મહોત્સવ-૨૦૧૭ દરમ્યાન કૃષિ યુનિવર્સિટીના ઝોન દીઠ ચાર/પાંચ સ્થળે એક દિવસીય "સેમીનાર અને એક્ઝીબીશન" ના કાર્યક્રમના આયોજનની વિગત દર્શાવતું પત્રક

| ઝોન | અ.નં | સમાવિષ્ટ જીલ્લાઓ | તારીખ | કાર્યક્રમનું સ્થળ | આયોજક |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| આણંદ કૃષિ યુનિવર્સિટી | ૧ | અમદાવાદ | ૦૬/૦૫/૨૦૧૭ | બાવળા | જિલ્લા તંત્ર |
| | ૨ | આણંદ, ખેડા | ૧૦/૦૫/૨૦૧૭ | નડીયાદ | **કૃષિ યુનિવર્સિટી** |
| | ૩ | મહિસાગર,પંચમહાલ | ૧૪/૦૫/૨૦૧૭ | ગોધરા | જિલ્લા તંત્ર |
| | ૪ | વડોદરા, છોટાઉદેપુર | ૧૮/૦૫/૨૦૧૭ | છોટાઉદેપુર | જિલ્લા તંત્ર |
| | ૫ | દાહોદ | ૨૨/૦૫/૨૦૧૭ | દાહોદ | જિલ્લા તંત્ર |
| જુનાગઢ કૃષિ યુનિવર્સિટી | ૬ | જુનાગઢ,પોરબંદર, ગીર સોમનાથ | ૦૭/૦૫/૨૦૧૭ | જુનાગઢ | **કૃષિ યુનિવર્સિટી** |
| | ૭ | અમરેલી,ભાવનગર, બોટાદ | ૧૧/૦૫/૨૦૧૭ | અમરેલી | જિલ્લા તંત્ર |
| | ૮ | જામનગર,દેવભુમી દ્વારકા | ૧૫/૦૫/૨૦૧૭ | જામખંભાળીયા | જિલ્લા તંત્ર |
| | ૯ | રાજકોટ, મોરબી | ૧૯/૦૫/૨૦૧૭ | ગોંડલ | જિલ્લા તંત્ર |
| | ૧૦ | સુરેન્દ્રનગર | ૨૩/૦૫/૨૦૧૭ | સુરેન્દ્રનગર | જિલ્લા તંત્ર |
| દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી | ૧૧ | કચ્છ | ૦૮/૦૫/૨૦૧૭ | ભુજ | જિલ્લા તંત્ર |
| | ૧૨ | સાબરકાંઠા, અરવલ્લી | ૧૨/૦૫/૨૦૧૭ | હિંમતનગર | જિલ્લા તંત્ર |
| | ૧૩ | મહેસાણા, ગાંધીનગર | ૧૬/૦૫/૨૦૧૭ | મહેસાણા | જિલ્લા તંત્ર |
| | ૧૪ | પાટણ, બનાસકાંઠા | ૨૦/૦૫/૨૦૧૭ | ડીસા | **કૃષિ યુનિવર્સિટી** |
| નવસારી કૃષિ યુનિવર્સિટી | ૧૫ | ભરૂચ, નર્મદા | ૦૯/૦૫/૨૦૧૭ | અંકલેશ્વર | જિલ્લા તંત્ર |
| | ૧૬ | સુરત, તાપી | ૧૩/૦૫/૨૦૧૭ | વ્યારા | જિલ્લા તંત્ર |
| | ૧૭ | નવસારી, ડાંગ | ૧૭/૦૫/૨૦૧૭ | વાંસદા | **કૃષિ યુનિવર્સિટી** |
| | ૧૮ | વલસાડ | ૨૧/૦૫/૨૦૧૭ | ધરમપુર | જિલ્લા તંત્ર |

- કૃષિ મહોત્સવના કાર્યક્રમના સ્થળની પસંદગી કરી તેની આખરી વિગતો સબંધિત જીલ્લા/કૃષિ યુનિવર્સીટી કક્ષાએથી તા.૨૨/૦૪/૨૦૧૭ સુધીમાં ખેતી નિયામકશ્રી અને પશુપાલન નિયામકશ્રીને જણાવવાની રહેશે.
- દરેક કાર્યક્રમ માટે સ્ટેજ,સ્ટોલ,મંડપ, ટ્રાન્સપોર્ટેશન, સેમીનાર,વીડીયોગ્રાફી, ફોટોગ્રાફી,ડોક્યુમેન્ટેશન,ચા- પાણી અને ફુડ પેકેટ, સ્થાનિક પ્રચાર-પ્રચાર, કૃષિ સાહિત્ય તેમજ આનુષાંગિક તમામ વ્યવસ્થાનું રૂ. ૧૦૦.૦૦ લાખની મર્યાદામાં જ આયોજન કરવાનું રહેશે.

- કાર્યક્રમમાં આવનાર ખેડુતો માટે ચા- પાણી અને ફુડ પેકેટની વ્યવસ્થા આયોજક મારફત કરવાની રહેશે  જેના માટે પ્રતિ ખેડૂત રૂા.૭૫/- ની મર્યાદામાં ખર્ચ કરી શકાશે.
- એક્ઝીબીશનનો સમય સવારના ૮-૩૦ થી સાંજના ૬-૦૦ સુધી રહેશે. કાર્યક્રમમાં અંદાજિત ૨૫,૦૦૦ ની સંખ્યામાં ખેડૂતોને કોલમ-૩ માં દર્શાવેલ જિલ્લા/જિલ્લાઓમાંથી લાવવાના રહેશે. સેમિનાર સવારના ૯-૦૦ થી બપોરના ૧-૦૦ કલાક સુધીનો રહેશે.દરેક કાર્યક્રમ માટે સેમીનારના વિષય અને વક્તા સ્થાનિક પરિસ્થિતી મુજબ કૃષિ યુનિવર્સિટી જીલ્લા અમલીકરણ સમિતિના સંકલનમાં રહી નક્કી કરશે અને સમગ્ર સેમીનારનું તેમજ તાંત્રિક સત્રનું આયોજન વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ કરવાનું રહેશે. એક દિવસીય કાર્યક્રમની સમગ્ર રૂપરેખા તથા મિનિટ ટુ મિનીટ કાર્યક્રમ જિલ્લા વહીવટી તંત્ર /કૃષિ યુનિવર્સીટી દ્વારા આયોજિત કાર્યક્રમ માટેની અમલીકરણ સમિતિ દ્વારા નક્કી કરાશે.
- કાર્યક્રમની સાથોસાથ પશુપાલન વિભાગ/કૃષિ યુનિવર્સીટીના પશુપાલન નિષ્ણાતોએ સ્થાનિક ક્ક્ષાએ પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવાનું રહેશે.
- 'આત્મા' દ્વારા કાર્યક્રમમાં મહત્તમ સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહે તે હેતુસર ખેડૂતોને લાવવા લઇ જવાની વ્યવસ્થા તેમજ કિસાન ગોષ્ઠીનું આયોજન કરવાનું રહેશે.
- સબંધિત જિલ્લાઓના જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રીઓએ દરેક કાર્યક્રમના સફળ સંચાલન માટે સ્થાનિક ધોરણે કૃષિ અને સહકાર વિભાગના તમામ અધિકારીઓ, ગુજરાત રાજ્ય બીજ નિગમ,ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ,ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન,  કૃષિ યુનિવર્સિટી, જી.જી.આર.સી, ખાતર કંપનીના કર્મચારીઓનો સહકાર મેળવવો, તથા
- સ્થાનિક કૃષિ ઇનપુટ અને યાંત્રિક સાધનોના ડીલર્સ વિગેરેને સાંકળવા.

**<u>કાર્યક્રમના સ્થળે મંડપ,સ્ટોલ વિગેરે વ્યવસ્થાનું આયોજન:</u>**

- સેમીનાર તથા સ્ટોલના સ્થળે  પીવાના પાણી/ટોઈલેટની વ્યવસ્થા કરાવવી.
- કૃષિ મહોત્સવના સ્થળે જાહેર જનતા માટે સ્ટોલ લગાવવામાં આવશે. સ્થાનિક જરૂરીયાતને અનુલક્ષીને સ્ટોલની કુલ સંખ્યા અંદાજીત ૧૦૦ ની આસપાસ રાખવાની રહેશે. સ્થળ ઉપર મંડપ, સ્ટેજ,સ્ટોલ,LEDતેમજ અન્યતમામ આનુષાંગિક વ્યવસ્થા કરવાની કામગીરી સરકારશ્રીના પ્રવર્તમાન નિતિ નિયમોનુસાર યોગ્ય પ્રક્રિયા દ્વારા નિયત કરેલ એજન્સી પાસેથી કરાવવાની રહેશે. આ અંગેનો નિર્ણય જિલ્લા વિકાસ અધિકારીશ્રી/સંબંધિત કૃષિ

યુનિવર્સિટીના કુલપતિશ્રીએ કરવાનો રહેશે. સબંધિત કૃષિ યુનિવર્સિટીએ ૧૦૦ પૈકી ૩૦ સ્ટોલ કરવાના રહેશે. બાકીના સંભવિત સ્ટોલની યાદી નીચે મુજબ રહેશે.

- બીજ નિગમ
- કૃષિ યુનિવર્સિટી (કૃષિ વૈજ્ઞાનિક દ્વારા માર્ગદર્શન,પ્રશ્નોનું નિરાકરણ વિગેરે )
- કૃષિ અને સંલગ્ન ખાતાના સ્ટોલ (યોજનાકીય અને પાક વિષયક માહિતીના સાહિત્યના વિતરણ તેમજ ફ્લેક્ષ બેનર, પોસ્ટર થકી વિસ્તરણ પ્રવૃત્તિ)
- જીલ્લા દૂધ સહકારી સંઘ
- ગુજરાત એગ્રો ઇન્ડ.કોર્પો.લી.(માઇક્રોન્યુટ્રીયન્ટ,પ્રવાહી જૈવિક ખાતર, દવાઓ વિગેરે અંગે માર્ગદર્શન)
- જી જી આર સી (સૂક્ષ્મ પીયત પધ્ધતિનો પ્રચાર-પ્રસાર અને નિદર્શન )
- ખાનગી કંપનીઓ દ્વારા સ્થાનિક જરૂરીયાત મુજબના ફાર્મ મશીનરી/ એગ્રોપ્રોસેસીંગ માટેના યંત્ર/ઓજારો અને ખેતીવાડીના અન્ય ઇનપુટસના ડીલરો
- ખાતર કંપનીઓ (ખાતરના કાર્યક્ષમ ઉપયોગ વિશે જાણકારી આપવી)
- બેંકો (જનધન યોજના, કિસાન ક્રેડીટ કાર્ડ, પાક ધીરાણ વિગેરે )
- જે તે જીલ્લાની સ્થાનિક પરિસ્થિતિ મુજબ સ્વચ્છતા મિશન/કુપોષણ/આધાર કાર્ડ વિગેરે વિષયો સંબંધિત કચેરીઓ
- સ્થાનિક ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી
- જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી(સખી મંડળની ચીજ વસ્તુઓના પ્રદર્શન)
- ગુજરાત રાજ્ય જમીન વિકાસ લી.
- મહેસુલ વિભાગ (પડતર વારસાઇના કેસોની અરજીઓ મેળવવા વિગેરે)
- વન વિભાગ (એગ્રોફોરેસ્ટ્રી યોજના હેઠળ ખેડૂતોની જરૂરીયાત મુજબ વિવિધ પ્રકારના રોપા વિગેરેની સંખ્યાની નોંધણી માટે)
- ઉર્જા વિભાગ
- પ્રગતિશીલ ખેડૂતો (સાફલ્ય ગાથામાં સમાવિષ્ટ ખેડૂતો,ઓર્ગેનીક ફાર્મીંગ કરતા ખેડૂતો તથા બીજ ઉત્પાદકોને સામેલ કરવા)

- કાર્યક્રમના સ્થળે ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા/તેમના ડીલરો મારફત ખેડૂતોને વિવિધ યોજનાઓ હેઠળ માઇક્રોન્યુટ્રીયન્ટ,નિંદામણ નાશક દવાઓ,લીક્વીડ બાયોફર્ટીલાઇઝર તેમજ ગોબરગેસ અંગેની જાણકારી આપવાની રહેશે.
- કાર્યક્રમ  દરમ્યાન મહાનુભાવોના હસ્તે / ખાતાના સ્ટોલ ઉપરથી  કૃષિ અને સહકાર ખાતા હસ્તકની વિવિધ યોજનાઓની ikhedut પોર્ટલ મારફતે મળેલ અરજીઓ પૈકી પાત્રતા ધરાવતા કેસોમાં મંજુરી પત્રોનું વિતરણ કરવાનું રહેશે.
- કૃષિ/બાગાયત/પશુપાલન/મત્સ્યોધ્યોગ/આત્મા/જી.એલ.ડી.સી/વન/ઉર્જા/મહેસુલ  વિભાગ વગેરે દ્વારા લાગુ પડતી પ્રવૃત્તિ માટે  વિભાગના સ્ટોલ ઉપરથી ખેડૂતોને ટેકનીકલ સાહિત્ય ઉપરાંત લાગુ પડતી રાજય તથા કેન્દ્ર સરકારની યોજનાઓ અંગેના સાહિત્યનું વિતરણ કરવામાં આવશે.
- કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાતોએ સેમીનારમાં અને પ્રદર્શન  ખાતેના કૃષિ યુનીવર્સિટીના સ્ટોલ્સ ઉપર સતત હાજર રહી ખેડૂતોને સબંધિત વિસ્તારમાં થતા પાકો અંગે માર્ગદર્શન તથા ખેડૂતોના મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવાનું રહેશે.
- બેંકો મારફતે જન ધન યોજના,પાક ધીરાણ, પ્રધાનમંત્રી સુરક્ષાવિમા યોજના,પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના ,કિસાન ક્રેડીટ કાર્ડ અંગેની જાણકારી આપવાની રહેશે.
- વનવિભાગ દ્વારા આગામી રોપણીની સીઝન ધ્યાને રાખી  રોપાઓની નોંધણી અને વિતરણની કામગીરીનું  આયોજન કરવાનું રહેશે
- મહેસૂલ  વિભાગ મારફતે વારસાઇના પડતર કેસો માટે અરજીઓ મેળવવા  કેમ્પનું આયોજન કરવાનું રહેશે
- કાર્યક્રમ દરમ્યાન પ્રગતિશીલ ખેડૂતોની યાદી તૈયાર કરી તેમનું જાહેરમાં સન્માન કરવું
- કૃષિ મહોત્સવના સમયગાળા દરમ્યાન સરકારશ્રીના અન્ય તમામ વિભાગોએ પણ પોતાના વિભાગની કામગીરી હાથ  ધરવાની રહેશે.
- GGRC એ ખાસ ઝુંબેશ હાથ ધરી તાલુકાના વધુમાં વધુ ગામો સુક્ષ્મ પિયત પધ્ધતિ નીચે આવરી લેવા પ્રયાસો કરવા. કૃષિ મહોત્સવના સમયગાળા દરમ્યાન સુક્ષ્મ પિયત પધ્ધતી અપનાવેલ ખેડૂતોનું સંમેલન ગોઠવવાનું રહેશે.
- કૃષિ મહોત્સવ દરમ્યાન ખેડૂતોને કાંટાળી તારની વાડ યોજના અંગેની સંપુર્ણ જાણકારી આપી કલ્સ્ટર તૈયાર કરવા અંગેની સઘન કાર્યવાહી કરવાની રહેશે.

- કાર્યક્રમના સ્થળે જુદા જુદા ખાતાના તાલીમ કાર્યક્રમો,શિબિરો, પ્રેરણા પ્રવાસ, લોકાર્પણ કાર્યક્રમો,ઉદઘાટનો વગેરે આવરી લેવા.
- જે તે જિલ્લાઓના સફળ/પ્રગતિશીલ ખેડૂતોને વક્તા તરીકે રાખી તેમના અનુભવોનો લાભ અન્ય ખેડૂતોને આપવો. વૈજ્ઞાનિકો ખેડૂતોના પ્રશ્નોના ઉત્તરો આપે તેવું આયોજન કરવુ.
- શકય હોય ત્યાં સુધી કાર્યક્રમનું સ્થળ કમ્પાઉન્ડ વોલ હોય તેવી જગ્યાએ રાખવું તેમજ તે સ્થળે સ્થાનિક ધોરણે  સિકયુરીટીની વ્યવસ્થા જિલ્લાતંત્ર મારફત કરવાની રહેશે.
- સબંધિત કલેક્ટરશ્રીઓએ પ્રભારી મંત્રીશ્રી/પ્રભારી સચિવશ્રીને કૃષિ મહોત્સવના આયોજન અને અમલીકરણ અંગે થયેલ કામગીરીથી માહિતગાર કરવાના રહેશે.
- સબંધિત જિલ્લાના જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની જીલ્લા કક્ષાએથી કૃષિ મહોત્સવના કાર્યક્રમના પૂર્વ આયોજનની તેમજ કાર્યક્રમ પુર્ણ થયા બાદની ઇન્ટ્રાનેટ બેઇઝ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ટ્રીઓ કરવાની જવાબદારી રહેશે. રાજય કક્ષાએ આ કામગીરીનું  સંકલન કરી સરકારશ્રી કક્ષાએ રોજેરોજનું રીપોર્ટીંગ કરવા માટે પશુપાલન નિયામકશ્રી હસ્તક કૃષિ મહોત્સવના કેન્દ્રીય મોનીટરીંગ સેલની રચના કરવી. સરકારશ્રી કક્ષાએ રોજેરોજના રીપોર્ટીંગની તમામ જવાબદારી પશુપાલન નિયામકશ્રીની રહેશે.
- કૃષિ મહોત્સવ ૨૦૧૭ ના આયોજન માટે કરવામાં આવેલ બજેટ જોગવાઇ અંગેની ગ્રાન્ટ ખેતી નિયામકશ્રીએ નોડલ એજન્સી તરીકે ગુજરાત રાજય બીજ નિગમ લી,ગાંધીનગરના  હવાલે મુકવાની  રહેશે. ખેતી નિયામકશ્રીની સૂચના મુજબ ગુજરાત રાજ્ય બીજ નિગમ લી. જિલ્લાઓને/સંસ્થાઓને ગ્રાન્ટ ફાળવશે.
- જિલ્લા તંત્ર દ્વારા આયોજિત કૃષિ મહોત્સવ-૨૦૧૭ ના કાર્યક્રમમાં મંડપ,સ્ટેજ,સ્ટોલ તેમજ આનુષાંગિક વ્યવસ્થા તથા કુડપેકેટની વ્યવસ્થા કરનાર એજન્સીએ નિયત નમુનામાં ખર્ચ અંગેની દરખાસ્ત તૈયાર કરી જે તે પેટા વિભાગીય અધિકારીશ્રી મારફત જિલ્લા ખેતીવાડી અધિકારીને રજૂ કરવાની રહેશે અને જીલ્લા ખેતીવાડી અધિકારીએ બિલોની સંપૂર્ણ ચકાસણી કરીને સંકલિત દરખાસ્ત નોડલ એજન્સી ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગાંધીનગરને ચૂકવણા અર્થે મોકલી આપવાની રહેશે જ્યારે કૃષિ યુનિવર્સીટી દ્વારા આયોજિત કાર્યક્રમ માટે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ ખર્ચ અંગેની દરખાસ્ત તૈયાર કરી અને તેની સંપૂર્ણ ચકાસણી કરીને નોડલ એજન્સી ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગાંધીનગરને ચૂકવણા અર્થે મોકલી આપવાની રહેશે.

- કૃષિ યુનિવર્સીટીઓ ધ્વારા ઝોનવાઇઝ સેમીનાર તેમજ સ્ટોલનું આયોજન નીચે મુજબની થીમ અનુસાર કરવાનું રહેશે. ( જેમાં સ્થાનિક પરિસ્થિતિને અનુકુળ અન્ય વિષયનો સમાવેશ કરવો.)

1. આણંદ કૃષિ યુનિવર્સિટી- માર્કેટીંગ અને વેલ્યુ એડીશન
2. નવસારી કૃષિ યુનિવર્સિટી- હાઇટેક હોર્ટીકલ્ચર, પ્રોટેક્ટેડ કલ્ટીવેશન, એપીકલ્ચર અને ઓર્ગેનીક ફાર્મીંગ
3. સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી- પશુપાલન, સહકાર અને ડેરી
4. જુનાગઢ કૃષિ યુનિવર્સિટી- કપાસ અને મગફળી પાકોની ઉત્પાદકતા વધારવી, જળ સંચય અને સિંચન,જમીન સંરક્ષણ,ઓર્ગેનીક ફાર્મીંગ, ફાર્મ મીકેનાઇઝેશન

- કૃષિ યુનિવર્સીટીઓ ધ્વારા ઝોનવાઇઝ તમામ સ્થળે કરવાના થતા સ્ટોલ, પ્રચારપ્રસાર , સાહિત્ય વિતરણ તથા અન્ય આનુષાંગિક કામગીરી માટે કુલ રૂ. ૭.૫૦ લાખ અને ટાન્સપોર્ટેશન પેટે કુલ રૂ. ૫.૦૦ લાખની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.જેના ખર્ચ અંગેની વિગતવાર સંકલિત દરખાસ્ત સબંધિત વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીએ નોડલ એજન્સી ગુજરાત રાજ્ય બીજ નિગમ, ગાંધીનગરને ચૂકવણા અર્થે મોકલી આપવાની રહેશે.

## કૃષિ મહોત્સવના સફળ આયોજન માટે જુદી જુદી સમિતિઓની રચના અને કાર્યો.

### ૧. <u>જીલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત કાર્યક્રમ માટેની અમલીકરણ સમિતિ</u> :-

| | | |
|---|---|---|
| (૧) | જીલ્લા કલેકટરશ્રી | અધ્યક્ષશ્રી |
| (૨) | જીલ્લા વિકાસ અધિકારીશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| (૩) | જીલ્લાના નોડલ વૈજ્ઞાનિકશ્રી | સભ્યશ્રી |
| (૪) | નાયબ પશુપાલન નિયામકશ્રી | સભ્યશ્રી |
| (૫) | નાયબ બાગાયત નિયામકશ્રી | સભ્યશ્રી |
| (૬) | પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, આત્મા | સભ્યશ્રી |
| (૭) | નાયબ માહિતિ નિયામકશ્રી | સભ્યશ્રી |
| (૮) | લાઇન ડિપાર્ટમેન્ટના તમામ અધિકારીશ્રીઓ | સભ્યશ્રી |
| (૯) | જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્યસચિવશ્રી |
| (૧૦) | અન્ય સભ્યોનો સમાવેશ કલેકટરશ્રી જરૂરિયાત મુજબ કરશે. | |

**કાર્યો :-**

- કૃષિ મહોત્સવના કાર્યક્રમનું સુચારુ આયોજન,પ્રચાર-પ્રસાર,અમલીકરણ અને મોનીટરીંગ અંગેની સંપુર્ણ જવાબદારી.
- કાર્યક્રમના સફળ આયોજન અને અમલીકરણ માટે કાર્યક્રમમાંસમાવિષ્ટ અન્ય જિલ્લાના વહીવટી અધિકારીશ્રીઓ સાથે સંયુક્ત બેઠકનું આયોજન કરવું.
- મહાનુભાવો અને પદાધિકારીઓને કાર્યક્રમના આમંત્રણ આપવા અને સરકારી નિયમોનુસારના પ્રોટોકોલની વ્યવસ્થા કરવી.
- કાર્યક્રમના સ્થળની ચકાસણી કરી પસંદગી કરવી
- સેમીનાર- કમ-પ્રદર્શનના આયોજનની ટીમની રચના કરવી.
- કાર્યક્રમનો લાભ વધુમાં વધુ ખેડૂતો લઈ શકે તે માટે એ.પી.એમ.સી., ડેરી, સુગરફેક્ટરી, સહકારી સંસ્થાઓ વગેરેનો સહયોગ તથા જુદા જુદા વિભાગો વચ્ચે સંકલન સુનિશ્ચિત કરવું.
- સમારંભ/મંડપનું આયોજન, સ્ટેજ વ્યવસ્થા/વીવીઆઇપી વ્યવસ્થા
- ખેડૂતોને લાવવા લઇ જવા માટે જરૂરિયાત મુજબની બસોની સંખ્યા (વધુમાં વધુ ૩૦૦) નક્કી કરી એસ.ટી નિગમ મારફતે બસોની વ્યવસ્થા કરવી. આ અંગે ટ્રાન્સપોર્ટકમીટી બનાવવી.
- તાલુકા વાઇઝ ખેડૂતોની સંખ્યા નક્કી કરવી.
- કાર્યક્રમના સ્થળે જરૂરી પ્રાથમિક સુવિધાઓ તથા ખેડૂતોના સવારના ચા-પાણી તથા પરત જતી વખતે ફુડપેકેટ/પાણીની તમામ વ્યવસ્થા સબંધિત આયોજક દ્વારા કરવાની રહેશે.
- સેમીનાર અને પ્રદર્શન ગોઠવવા.
- કાર્યક્રમ અંગે અગાઉથી પ્રચાર-પ્રસાર કરવો.

**૨. કૃષિ યુનિવર્સીટી દ્વારા આયોજિત કાર્યક્રમ માટેની અમલીકરણ સમિતિ**

| | | |
|---|---|---|
| (૧) | સંબંધિત કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી | અધ્યક્ષશ્રી |
| (૨) | કાર્યક્રમના સ્થળના સંબંધિત જીલ્લા કલેકટરશ્રી | સહઅધ્યક્ષશ્રી |
| (૩) | કાર્યક્રમમાં સમાવિષ્ટ અન્ય જીલ્લાના કલેકટરશ્રીઓ | સભ્યશ્રી |
| (૪) | કાર્યક્રમમાં સમાવિષ્ટ અન્ય જીલ્લાના જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ | સભ્યશ્રી |
| (૫) | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્યશ્રી |
| (૬) | નાયબ બાગાયત નિયામકશ્રી | સભ્યશ્રી |
| (૭) | નાયબ માહિતિ નિયામકશ્રી | સભ્યશ્રી |
| (૮) | જે તે કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી | સભ્ય સચિવશ્રી |
| (૯) | અન્ય સભ્યોનો સમાવેશ અધ્યક્ષશ્રી જરૂરિયાત મુજબ કરશે. | |

**કાર્યો:-**

- સ્થળ ઉપર મંડપ, સ્ટેજ,સ્ટોલ, LED તેમજ અન્ય તમામ આનુષાંગિક વ્યવસ્થા કરવાની કામગીરી સરકારશ્રીના પ્રવર્તમાન નિતિ નિયમોનુસાર યોગ્ય પ્રક્રિયા દ્વારા નિયત કરેલ એજન્સી પાસેથી કરાવવાની રહેશે. આ અંગેનો નિર્ણય કૃષિ યુનિવર્સીટીના કુલપતિશ્રી દ્વારા કરવાનો રહેશે.
- તદુપરાંત સમિતિના અન્ય કાર્યો જીલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત કાર્યક્રમ માટેની અમલીકરણ સમિતિના કાર્યો મુજબના જ રહેશે.

**૩. કાર્યક્રમ અમલીકરણ અને સંચાલન સમિતિ**

- અધ્યક્ષશ્રી,અમલીકરણ સમિતિ દ્વારા નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી/ અધિક કલેક્ટરશ્રીના અધ્યક્ષપણા હેઠળની કાર્યક્રમ અમલીકરણ અને સંચાલન સમિતિની રચના કરશે જે સમગ્ર કાર્યક્રમના સુચારૂ આયોજન અને અમલીકરણ માટે જવાબદાર રહેશે.

**૪. તાલુકા અમલીકરણ સમિતિ**

**રચના:-**

| | | |
|---|---|---|
| (૧) | પ્રાંત અધિકારી | અધ્યક્ષશ્રી |
| (૨) | તાલુકા મામલતદાર | સહ અધ્યક્ષશ્રી |
| (૩) | તાલુકા વિકાસ અધિકારી | સભ્ય સચિવશ્રી |

(૪) પ્રાંત અધિકારીશ્રી સ્થાનિક પરિસ્થિતિ મુજબ લાઇન ડીપાર્ટમેન્ટના અધિકારીઓ,પદાધિકારીઓ, સ્થાનિક સંસ્થા/ફાર્મર્સકલબ/બેંકના પ્રતિનિધિનો સભ્ય તરીકે સમાવેશ કરશે.

**કાર્યો:-**

- વધુમાં વધુ સંખ્યામાં ખેડૂતો હાજર રહે તે માટે રુટ સહીત ચોકકસ આયોજન કરવું.
- આયોજનની જાહેરાત જે તે ગામમાં થાય અને વધુમાં વધુ ખેડૂતો હાજરી આપે તે માટે ગામ દીઠ એક કર્મચારીને જવાબદારી સોપવી.
- કાર્યક્રમના દિવસે આયોજનની કામગીરી માટે ખેડૂત મિત્રનો પણ સહયોગ લેવો.
- સ્થાનિક પ્રચાર પ્રસારની વ્યવસ્થા કરવી.
- કાર્યક્રમના દિવસે પીવાના પાણી,ટોયલેટ તથા અન્ય આવશ્યક પ્રાથમિક સુવિધાની વ્યવસ્થા કરવી.

**ઉપર્યુકત સમિતિઓની બેઠક કૃષિ મહોત્સવ શરૂ થતાં પહેલાં સમયસર યોજવી તેમજ કૃષિ મહોત્સવ દરમિયાન પણ જરૂરિયાત પ્રમાણે સમયસર બેઠકો યોજવી. આ સમિતિઓની અવધિ કૃષિ મહોત્સવ પૂર્ણ થાય ત્યાં સુધીની રહેશે.**

**કૃષિ મહોત્સવની પૂર્વ તૈયારી**

- દરેક ગામમાં કૃષિ મહોત્સવ પહેલા સ્થાનિક અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ દ્વારા આગોતરી મુલાકાત લઇ કૃષિ મહોત્સવ અંગેની જાણકારી આપવી.
- પ્રગતિશીલ ખેડૂતોની યાદી તૈયાર કરવી.
- જે તે વિસ્તારના કૃષિ વિષયક પ્રશ્નોની માહિતી અગાઉથી મેળવવી અને કાર્યક્રમ દરમ્યાન કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતો સાથે તેની ચર્ચા થાય તે જોવુ.
- કૃષિ મહોત્સવના બે-ત્રણ દિવસ પહેલા તલાટી કમ મંત્રી, ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી, પશુધન નિરીક્ષક ધ્વારા ગામની મુલાકાત લઇ ગ્રામજનોને આયોજન અંગે જાણકારી આપવી.
- યોજનાકીય લાભાર્થીઓને પત્ર/ એસ.એમ.એસ. દ્વારા કૃષિ મહોત્સવ અંગે જાણ કરવી.
- સોઇલ હેલ્થ અને કૃષિ વિષયક ભીંત સૂત્રો લખાવવા.
- સ્થાનિક કક્ષાએ કેબલ ટી.વી. ધ્વારા જાહેરાત કરાવવી.
- ખેડૂતોના ફાર્મર ઇન્ટરેસ્ટ ગ્રુપ (FIG),ફાર્મર કલબો,એનજીઓ, સેલ્ફ હેલ્પ ગ્રુપો, સામાજીક સંસ્થાઓ,સહકારી સંસ્થાઓ/દૂધ ઉત્પાદક મંડળી વિગેરે કાર્યક્રમમાં ભાગ લે તે માટે અગાઉથી આયોજન કરવું. મહીલાઓ વધુમાં વધુ ભાગ લે તેવું પણ આયોજન કરવાનું રહેશે.
- **કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ઉપરોકત બાબતો અંગે સુનિશ્ચિત આયોજન થાય તે માટે સઘન મોનીટરીંગ કરવાનું રહેશે.**

**પ્રચાર-પ્રસાર:-**

- સ્થાનિક પ્રચાર પ્રસારની કામગીરી કેવી રીતે હાથ ધરવી તે તાલુકા/ જિલ્લા કક્ષાએ નકકી કરવાનું રહેશે.
- રેડીયો,ટેલીવીઝન, જાહેર સ્થળોએ હોર્ડીગ્સ,બેનર, સ્થાનિક કેબલનો સહકાર,અખબારી જાહેરાત વગેરે કામગીરી માહિતી ખાતા દ્વારા કરવાની રહેશે..

- સ્થાનિક પાકને અનુરૂપ ખેતી પધ્ધતિ તેમજ નવીનતમ ટેકનોલોજી અંગેનું સ્થાનિક ભાષામાં ઇ-સાહિત્ય અને રાજ્યના અગત્યના પાકોની ખેત પધ્ધતીઓની બુકલેટ (કૃષિ યુનિવર્સીટી કક્ષાએથી)
- યોજનાકીય સહાય અંગેની માર્ગદર્શિકા તથા અન્ય કૃષિ સાહિત્ય (ખાતા કક્ષાએથી)
- સોઇલ હેલ્થ અંગે ભીંત સૂત્રો- સ્થાનિક વિસ્તરણ તંત્ર દ્વારા લખાવવા.
- વિસ્તરણ તંત્રને અધ્યતન તાંત્રિક સાહિત્યની કિટસ પૂરી પાડવી. (કૃષિ યુનિવર્સીટી કક્ષાએથી)

**<u>સમગ્ર કૃષિ મહોત્સવ દરમ્યાન વિવિધ વિભાગો થકી કરવાની કામગીરી :</u>**

કૃષિ મહોત્સવ દરમ્યાન જુદા જુદા વિભાગો / ખાતા દ્વારા યોજવાના કાર્યક્રમો/કરવાની કામગીરીની વિગત :

| વિભાગ | કામગીરી / કાર્યક્રમો |
|---|---|
| કૃષિ ખાતુ | કૃષિ મહોત્સવ કાર્યક્રમનું સંકલન, કૃષિ પ્રદર્શન, કિસાન સાથે વાર્તાલાપ,યોજનાકીય માર્ગદર્શન, નિદર્શન,જમીનના નમુના મેળવવા, સોશ્યલ નેટવર્ક દ્વારા પ્રચાર-પ્રસાર, કૃષિ સાહિત્ય અને આઇ-ખેડુત પોર્ટલ અંગેની સમજ આપવી |
| બાગાયત ખાતું | પ્રદર્શન, કિસાન સાથે વાર્તાલાપ, યોજનાકીય માર્ગદર્શન, નિદર્શન, પ્રચાર-પ્રસાર, બાગાયત સાહિત્ય,હાઇટેક હોર્ટીકલ્ચર, કેનીંગ, કીચન ગાર્ડન અંગે સમજ આપવી |
| પશુપાલન ખાતું | કૃષિ મહોત્સવ મોનીટરીંગ સેલનું સંચાલન, પશુ આરોગ્ય કેમ્પ, રસીકરણ, પશુપાલકો સાથે વાર્તાલાપ, યોજનાકીય માર્ગદર્શન, પ્રચાર-પ્રસાર, પશુપાલન સાહિત્ય, પશુધનની ઉત્પાદક્તા વધારવી, પશુઓલાદ સુધારણા અને સંવર્ધન, તથા કૃષિ મહોત્સવ દરમ્યાન સરકારશ્રીને કાર્યક્રમથી રોજબરોજ અવગત કરવા. |
| ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ | ગામવાર કન્ટુરમેપ તૈયાર કરી ચેક ડેમ/તળાવના સ્થળ નક્કી કરવા, સીમ તલાવડી, ખેત તલાવડીની કામગીરી, તળાવો ઊંડા કરવા, સાફ સફાઈ કરવી, વોટર રીચાર્જીંગ અંગે માર્ગદર્શન તેમજ ખેડૂતોને તારની વાડ યોજના અંગેની સંપુર્ણ જાણકારી આપવી. |
| મત્સ્યોદ્યોગખાતુ | મત્સ્ય પ્રવૃત્તિઓ માટેનું તથા ઇનલેન્ડ ફીશરીઝ વિકાસ માટેનું ખાસ આયોજન, સાગરખેડુ યોજના,પગડીયા માછીમારો માટેની ખાસ યોજના |

| | |
|---|---|
| આદિજાતી વિકાસ વિભાગ | આદિવાસી વિસ્તાર માટેના ખાસ પ્રકારના મોડેલ, વાડી યોજનાની મંજૂરી વગેરે |
| કૃષિ યુનિવર્સિટીઓ | ઝોન વાઇઝ કાર્યક્રમના સેમીનાર તથા તાંત્રિક સત્રનું આયોજન,વિસ્તારને અનુરૂપ પ્રદર્શન,કૃષિ ઉત્પાદન વધારવા માટે વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન, કાર્યક્રમના વિસ્તારને અનુરૂપ સાહિત્ય તૈયાર કરી વિતરણ, સોઇલ હેલ્થ/ એગ્રો ફોરેસ્ટ્રી અંગે માર્ગદર્શન |
| નર્મદા,જળસંપત્તિ પાણી પુરવઠાવિભાગ | ખાલી થયેલ ડેમો, ચેકડેમ-ગામ તળાવ ઉંડા કરવા માટે પસંદ કરાયેલ ગામોમાં આયોજન,કેનાલની સાફ સફાઇ કરવી, પાકી કેનાલ બનાવી પિયત વ્યવસ્થા સુનિશ્ચિત કરવી,નર્મદા નદીના પાણીથી ગામના મોટા તળાવો ભરવામાં આવે તે સુનિશ્ચિત કરવુ તેમજ સિંચાઇ અંગેના કાયદાથી લોકોને માહીતગાર કરવા. |
| પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ | કૃષિ મહોત્સવનું આયોજન/અમલીકરણ ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાનની ગુજરાતની કામગીરીનો અમલ, રૂરલ સેનીટેશન કામને વેગવંતા બનાવવા, સખી મંડળની રચના અને તેના મારફત કામગીરી, સ્વ સહાય જુથ, નરેગાના કાર્યક્રમો, લાભાર્થીઓની અરજી એકત્ર કરી મંજુરી આપવી, પાણી બચાવ અને સ્વચ્છતા અભિયાન, પંચવટી કાર્યક્રમ, આરોગ્ય લક્ષી કાર્યક્રમો, સ્થાનિક લોકાર્પણ અને શિલાન્યાસના કાર્યક્રમો હાથ ધરવા. |
| માહિતી ખાતુ | પ્રચાર-પ્રસાર લગતી કામગીરી જેવી કે ગુજરાત પાક્ષીક વિશેષાંક, સાફલ્ય ગાથા, વધુ અવર-જવર વાળી જગ્યાઓ ઉપર હોર્ડીગ્સ લગાવવા, એસ.ટી. બસમાં સાઇડ પેનલ-બેક પેનલથી કૃષિ મહોત્સવ અંગે પ્રચાર પ્રસાર કરવો તેમજ કૃષિ મહોત્સવ દરમ્યાન દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ આપવી, રેડીયો/ટી.વી. માટે ક્વિકી તથા ઝીંગલ તૈયાર કરવી. |
| મહેસુલ વિભાગ | પ્રાંત અધિકારીશ્રીએ મામલતદાર/તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા તલાટી કમ મંત્રીશ્રી,ગ્રામસેવક, પશુધન નિરીક્ષક તથા ગ્રામ્ય કર્મચારીઓ મારફત કાર્યક્રમના દિવસે ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહે તે અંગેની સઘળી વ્યવસ્થા કરવી. મહેસુલ વિભાગને લગતા સ્થાનિક પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ. |
| ઉર્જા વિભાગ | ખેતી માટેની વીજ લાઈનોની પડતર અરજીઓનો નિકાલ/મંજુરી, કૃષિ મહોત્સવ કાર્યક્રમ દરમ્યાન કાર્યક્રમના સ્થળે વીજ પુરવઠો નિયત પ્રમણમાં સતત પુરો પાડવો,ઉર્જા વિભાગની નવી યોજનાઓની માહિતી ખેડૂતોને પુરી પાડવી. |

| | |
|---|---|
| વન અને પર્યાવરણ વિભાગ | વૃક્ષા રોપણ, વન અને પર્યાવરણ અંગે લોક જાગૃતિ લાવવી, એગ્રોફોરેસ્ટ્રી, ગૌચર તથા પડતર વિસ્તારમાં ઘાસચારાનું આયોજન, નરેગા સાથે સંકલન કરી પ્લાન્ટેશન, પ્લાન્ટીંગ મટીરીયલ પુરૂં પાડવુ. |
| સહકાર ખાતું | એ.પી.એમ.સી, દ્વારા તાલુકા કક્ષાના કૃષિલક્ષી ઇવેન્ટસ/પ્રદર્શન/ખેડૂત શિબિરનું આયોજન કરવાનું રહેશે.કિસાન ક્રેડીટ કાર્ડની અરજી સ્વિકારવા/મંજુર કરવા અંગેની કામગીરી,ટુંકા અને મધ્યમ પાક ધિરાણ/પાક વિમા પ્રીમીયમ અંગે જાણકારી આપવી, લાભાર્થી યોજના હેઠળની અરજીઓને મંજુરી, મહિલા દૂધ મંડળી રચવા અંગેની કાર્યવાહી, ખેત ઉત્પાદનના ગ્રેડીંગ, ક્લીનીંગ અને વેલ્યુએડીશન માટે ખાસ તાલીમ કાર્યક્રમ |
| આરોગ્ય વિભાગ | લોક આરોગ્યલક્ષી કાર્યક્રમો,એપીડેમીક રોગ અંગે જાણકારી તથા કુપોષણ વિષે જાગૃતતા લાવવી. |
| ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની | ટપક સિંચાઈ પધ્ધતિ અમલ માટે અરજીઓ પ્રાપ્ત કરી કાર્યવાહી કરવી. તાલુકા જીલ્લામાં MIS અંગે શેરીંગ વર્કશોપ અને ૧૦૦ ટકા ડ્રીપવાળા ગામમાં મોટા કાર્યક્રમ/સંમેલનનું આયોજન કરવું,સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવતા ખેડૂતોને આ કાર્યક્રમમાં હાજર રાખવા. |
| ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની | સાગર લક્ષ્મી (સી-વીડકલ્ટીવેશન) અંગેની યોજનાનો દરીયા કિનારાના જિલ્લાઓમાં પ્રચાર,"મહિલા કિસાન સશક્તિકરણ પરિયોજના" હેઠળ સંબંધિત જિલ્લાઓમાં મહિલાઓમાં જાગૃતિ, મહિલાઓને ડેરી ક્ષેત્રે સહકારી પ્રવૃતિઓ માટે પ્રોત્સાહન આપવુ અને તેમાં સખી મંડળના સભ્યોનો સમાવેશ કરવો, ખેતી ક્ષેત્રે સફળ રહેલ મહિલા ગૃપ તથા મહિલા સંસ્થાઓ અંગે પ્રચાર. |
| કૃષિ મહોત્સવ કેન્દ્રીય મોનીટરીંગ સેલ કૃષિભવન, ગાંધીનગર | સમગ્ર કૃષિ મહોત્સવ કાર્યક્રમના પૂર્વ આયોજનની તેમજ કાર્યક્રમ પૂર્ણ થયા બાદની ઇન્ટ્રાનેટ બેઇઝ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ટ્રીનું સંકલન કરી સરકાર કક્ષાએ રોજે રોજનું રીપોર્ટીંગ તથા કૃષિ મહોત્સવ પુર્ણ થયે સમગ્ર મહોત્સવનો સંકલિત રીપોર્ટ તૈયાર કરી સરકારશ્રીને સાદર કરવાની જવાબદારી પશુપાલન નિયામકશ્રીની રહેશે.<br>Email- kmcell@gujarat.gov.in<br>ફો.નં- ૦૭૯-૨૩૨૫૧૨૬૩,૦૭૯-૨૩૨૫૧૨૬૪, ફેક્સ.-૦૭૯-૨૩૨૫૧૨૬ |

# ક્ષેત્રિય કચેરીઓના નામ અને સરનામાં

| ક્રમ | નામ | જીલ્લો | કચેરી નં. | મોબાઈલ નંબર | ફેક્સ નં. |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી આર.આર.ટીલવા | રાજકોટ | ૦૨૮૧–૨૪૪૦૮૮૯ | ૯૪૨૯૦૪૩૦૦૮ | ૦૨૮૧–૨૪૭૫૫૯૮ |
| ૨ | શ્રી એચ.ડી. વાદી | સુરેન્દ્રનગર | ૦૨૭૫૨–૨૮૫૪૦૨ | ૯૮૨૫૧ ૮૪૨૭૬ | ૦૨૭૫૨–૨૮૫૪૦૨ |
| ૩ | શ્રી  ડી.બી.ગજેરા | મોરબી | ૦૨૮૨૨–૨૨૨૭૦૯ | ૯૯૯૮૫ ૪૬૩૬૯ | ૦૨૮૨૨–૨૨૨૭૦૯ |
| ૪ | શ્રી જે. બી. માથાસોલીયા | જામનગર | ૦૨૮૮–૨૫૫૦૨૮૬ | ૯૯૭૮૧૦૭૮૦૧ | ૦૨૮૮–૨૫૫૦૨૮૬ |
| ૫ | ઇ/ચા. શ્રી એન.આર.પડશાલ | દેવભુમિ દ્વારકા | ૦૨૮૮–૨૫૫૦૨૮૬ | ૯૮૭૯૭૫૭૫૫૦ | ૦૨૮૮–૨૫૫૦૨૮૬ |
| ૬ | શ્રી વાય. આઇ. શીહોરા | ભૂજ–કચ્છ | ૦૨૮૩૨–૨૨૧૧૫૫ | ૯૯૦૪૩૪૫૭૭૯ | ૦૨૮૩૨–૨૨૧૧૫૫ |
| ૭ | ઇ/ચા. શ્રી એ.આર.ગામી | મહેસાણા | ૦૨૭૬૨–૨૨૨૩૧૭ | ૯૪૨૮૫૫૭૧૫૮ | ૦૨૭૬૨–૨૨૨૩૧૬ |
| ૮ | શ્રી  એસ.એસ.પટેલ | પાટણ | ૦૨૭૬૬–૨૨૪૪૮૯ | ૯૪૨૭૦ ૦૬૩૫૨ | ૦૨૭૬૬–૨૨૪૪૮૯ |
| ૯ | ઇ/ચા શ્રી બી.એન.પટેલ | પાલનપુર | ૦૨૭૪૨–૨૫૨૬૩૪ | ૯૯૦૯૯૯૦૨૨૮ | ૦૨૭૪૨–૨૫૨૬૩૪ |
| ૧૦ | શ્રી.વી.કે.પટેલ | હિંમતનગર | ૦૨૭૭૨–૨૪૦૩૫૯ | ૯૪૨૬૩૯૨૪૩૭ | ૦૨૭૭૨–૨૪૦૩૫૯ |
| ૧૧ | શ્રી.જે.આર.પટેલ | મોડાસા | ૦૨૭૭૪–૨૪૦૭૬૦ | ૯૯૭૯૬૮૬૯૬૪ | ૦૨૭૭૪–૨૪૦૭૬૦ |
| ૧૨ | શ્રી જે.એચ.સુથાર | વડોદરા | ૦૨૬૫–૨૪૩૩૬૪૧ | ૯૪૨૭૩ ૮૩૯૨૩ | ૦૨૬૫–૨૪૩૧૦૭૮ |
| ૧૩ | શ્રી પી.એમ.આચાર્ય | છોટાઉદેપુર | ---- | ૯૯૨૫૦ ૪૫૧૦૩ | ------------------ |
| ૧૪ | શ્રી બી.એસ.વાળંદ | ગોધરા | ૦૨૬૭૨–૨૫૩૩૭૧ | ૯૭૨૬૯ ૯૨૭૬૭ | ૦૨૬૭૨–૨૫૩૩૭૧ |
| ૧૫ | શ્રી એચ.જે.જીંદાલ | મહિસાગર | ૦૨૬૭૪–૨૫૦૧૯૫ | ૯૩૭૯૦૦૩૧૪૧ | ---- |
| ૧૬ | શ્રી એમ.પી.બગડા | દાહોદ | ૦૨૬૭૩–૨૩૯૧૦૭ | ૯૮૯૮૪ ૪૦૧૦૨ | ૦૨૬૭૩–૨૩૯૧૦૮ |
| ૧૭ | શ્રી એન. જે. ભટ્ટ | નર્મદા | ૦૨૬૪૦–૨૨૦૦૮૦ | ૯૮૭૯૧ ૧૭૦૩૪ | ૦૨૬૪૦–૨૨૦૦૮૦ |
| ૧૮ | શ્રી એચ.જી.લાલવાણી | ભરુચ | ૦૨૬૪૨–૨૬૧૬૧૧ | ૯૮૨૫૬૯૫૨૦૦ | ૦૨૬૪૨–૨૪૦૯૫૧ |
| ૧૯ | શ્રી એસ.બી.વાઘમશી | જુનાગઢ | ૦૨૮૫–૨૬૩૩૦૪૬ | ૯૯૭૯૨૮૮૭૮૭ | ૦૨૮૫–૨૬૩૩૦૪૬ |
| ૨૦ | શ્રી એસ. કે. જોશી | ગીર સોમનાથ | ૦૨૮૭૬–૨૪૯૦૮૦ | ૯૮૨૪૨ ૪૯૨૫૨ | ૦૨૮૭૬–૨૪૯૨૫૫ |
| ૨૧ | શ્રી  કે. કે. પટેલ | અમરેલી | ૦૨૭૯૨-૨૨૩૩૨૪ | ૯૮૭૯૩૪૮૬૧૧ | ૦૨૭૯૨-૨૨૩૧૬૮ |
| ૨૨ | શ્રી એસ.આર.કોસંબી | ભાવનગર | ૦૨૭૮–૨૪૩૯૯૩૧ | ૭૬૦૦૫૩૦૩૪૦ | ૦૨૭૮–૨૫૧૦૪૭૦ |
| ૨૩ | શ્રી એન. જે. ગોહીલ | બોટાદ | ૦૨૮૪૯–૨૫૨૪૪૨ | ૯૪૨૬૯૭૮૯૨૯ | ૦૨૮૪૯–૨૫૨૪૪૨ |
| ૨૪ | શ્રી જે.એન.પરમાર | પોરબંદર | ૦૨૮૬–૨૨૫૨૮૦૯ | ૯૪૨૮૨૪૨૬૫૭ | ૦૨૮૬–૨૨૫૨૮૦૯ |
| ૨૫ | શ્રી બી. વી. વસોયા | અમદાવાદ | ૦૭૯–૨૫૫૦૬૮૭૪ | ૯૪૨૬૯ ૪૦૪૮૮ | ૦૭૯–૨૫૫૦૬૮૭૪ |
| ૨૬ | શ્રી એ.આર.સોનારા | ખેડા | ૦૨૬૮–૨૫૫૭૪૨૧ | ૯૭૨૫૧૯૮૬૦૨ | ૦૨૬૮– ૨૫૫૭૪૯૫ |
| ૨૭ | શ્રી સી. એન. પટેલ | આણંદ | ૦૨૬૯૨–૨૫૮૧૦૨ | ૯૮૨૫૨ ૫૨૯૯૩ | ૦૨૬૯૨– ૨૪૩૮૯૫ |
| ૨૮ | શ્રી એન.જી.ગામીત | સુરત | ૦૨૬૧–૨૪૨૫૭૫૧<br>૨૪૨૫૭૫૫ | ૯૮૨૫૪૪૨૩૧૮ | ૦૨૬૧–૨૪૧૨૫૪૩ |
| ૨૯ | શ્રી સી.ડી.ચૌધરી | નવસારી | ૦૨૬૩૭–૨૩૩૦૩૦ | ૯૪૨૭૬ ૦૭૧૨૩ | ૦૨૬૩૭–૨૩૩૦૩૦ |
| ૩૦ | શ્રી મુકેશભાઇ એમ.પટેલ | વલસાડ | ૦૨૬૩૨–૨૫૩૮૯૧ | ૯૪૨૬૯૯૦૯૮ | ૦૨૬૩૨–૨૫૩૮૯૧ |
| ૩૧ | શ્રી પી.આર.ચૌધરી | તાપી | ૦૨૬૨૬–૨૨૦૩૬૫ | ૯૪૨૬૮૬૯૦૩૯ | ૦૨૬૨૬–૨૨૨૧૪૩ |
| ૩૨ | શ્રી બી.બી. કાનડે | ડાંગ | ૦૨૬૩૧–૨૨૦૩૨૦ | ૯૪૨૭૧૭૭૨૪૭ | ૦૨૬૩૧–૨૨૦૪૪૪ |
| ૩૩ | શ્રી.એમ. ડી. વાઘેલા | ગાંધીનગર | ૦૭૯–<br>૨૩૨૫૬૯૫૧ | ૯૦૯૯૨ ૭૭૭૯૯ | ૦૭૯–૨૩૨૫૬૯૪૯ |